# પાવરલૂમ ક્ષેત્ર માટે આર્થિક પૅકેજની પિડિક્સિલની માગણી

## વ્યાજ અને જીએસટીમાં માફી આપવાની અને કાપડ તેમ જ મેઇડઅપ્સના ડ્યૂટી ડ્રોબેક દર વધારી ૮થી ૧૦ ટકા કરવાની માગણી

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૮ : કોરોના મહામારીથી અસરગ્રસ્ત પાવરલૂમ ટેક્સ્ટાઇલ ક્ષેત્ર માટે કેન્દ્ર સરકારે આર્થિક રાહત પૅકેજ જાહેર કરવું જોઈએ, એવી માગણી પાવરલૂમ ડેવલપમેન્ટ ઍન્ડ એક્સપોર્ટ પ્રોમોશન કાઉન્સિલ (પિડિક્સિલ)ના ચૅરમૅન એમ.એ. રામાસામીએ કરી છે. વડા પ્રધાન, કેન્દ્રીય નાણા મંત્રાલય અને કેન્દ્રીય ટેક્સ્ટાઇલ મંત્રાલયને પાઠવેલા આવેદનપત્રમાં પિડિક્સિલના અધ્યક્ષે તાત્કાલિક અસરથી એક વર્ષના ગાળા માટે રાહત પૅકેજ જાહેર કરવાની માગણી કરી છે.

પાવરલૂમ ક્ષેત્રના સાહસિકો માટે વર્કિંગ કેપિટલ પરનું વ્યાજ માફ કરવાની માગણી કરાઈ છે. કાપડ અને મેઇડઅપ્સ પર મેથી જુલાઈ ૨૦૨૧ના ત્રણ મહિના માટે જીએસટી માફ કરવાની પણ માગણી કરાઈ છે.

તે સાથે એટફ હેઠળની બાકી રહેતી સબસિડીની રકમ અને સરકારી સહાયની રકમ તાત્કાલિક છૂટી કરવાની, તમામ કાચી સામગ્રી જેવી કે યાર્ન, સ્પેર્સ, એસેસરીઝ વગેરે પરની એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી અને બેઝિક કસ્ટમ ડ્યૂટી માફ કરવાની અને કાપડ અને મેઇડઅપ્સની નિકાસ સામેના ડ્યૂટી ડ્રોબેક દર વધારી ૮થી ૧૦ ટકા જાહેર કરવાની માગણીઓ કરવામાં આવી છે.



ટેક્સ્ટાઇલ ઉદ્યોગના એમએસએમઈ ક્ષેત્રને એપ્રિલ ૨૦૨૧થી એક વર્ષ મોરેટોરીયમની સવલત આપવાની અને મોરેટોરીયમ ગાળા દરમિયાનના છ મહિનાના સ્થગિત કરાયેલા હપ્તા પરનું વ્યાજ માફ કરવાની પણ માગણી કરાઈ છે.

પિડિક્સિલના અધ્યક્ષ એમ. એ. રામાસામીએ જણાવ્યું છે કે દેશમાં કૃષિ બાદ સૌથી વધુ રોજગારી ટેક્સ્ટાઇલ ઉદ્યોગ પૂરી પાડે છે. ટેક્સ્ટાઇલ ઉદ્યોગનું સૌથી મહત્ત્વનું ક્ષેત્ર પાવરલૂમ છે. તે ૬૩ લાખ કામદારોને રોજીરોટી પૂરી પાડે છે. ભારતમાંથી નિકાસ થતા કાપડનો ૬૦ ટકાથી વધુનો હિસ્સો પાવરલૂમનો હોય છે. આ વિકેન્દ્રીત ક્ષેત્ર છે જે એમએસએમઈ એકમોનું બનેલું છે. કોરોના મહામારીમાં વિશ્વના ઘણા દેશોમાં ટ્રેડિંગ પ્રવૃત્તિ ઘટી હોવાથી ભારતનો આયાત-નિકાસનો વેપાર પણ ઘટ્યો છે. કાપડ બજારો, મૉલ, રીટેલ દુકાનો બંધ હોવાથી કાપડની માગ ઘટી છે અને સ્થાનિક પાવરલૂમ ઉદ્યોગની સ્થિતિ કથળી છે. કોરોનાના કારણે લૉકડાઉન, કર્ફ્યુ અને અન્ય નિયંત્રણો લદાતાં નાના અને મધ્યમ ટેક્સ્ટાઇલ એકમોની તેમ જ ખાસ કરીને પાવરલૂમ ક્ષેત્રની સ્થિતિ ઘણી વણસી છે. તેમના ઑર્ડરોનાં કેન્સેલેશનો આવી ગયાં છે, ઉઘરાણી અટકી ગઈ છે, કામદારોને પગાર ચૂકવવાના ફાંફાં થઈ ગયા છે અને કાર્યકારી મૂડીની અછતનો સામનો કરવો પડે છે. આ સ્થિતિમાં પાવરલૂમ એકમો વધુ ખોટમાં સરી ન પડે તે માટે સરકારે તાત્કાલિક આર્થિક પૅકેજ જાહેર કરવું જોઈએ.

Scanned with CamScanner